॥ ॐ ॥

॥ तत्सत्परमात्मनेनमः ॥

શ્રી લક્ષ્મિ કાન્તાશ્રિત ધર્મોપદેશક
ભકિત વિજય નાટક મંડળી.

રૂકમાંગદ એકાદશી

નાટકના ગાયનો.

શ્રી ભકિત વિજય નાટક મંડળી માટે રચીને પ્રસિદ્ધ કરનાર
પુરાણીક દેવકૃષ્ણ હરિકૃષ્ણ શર્મા

આવૃત્તિ ૧ લી

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

સંવત ૧૯૬૬ સ[redacted]૯૧૦

કીંમત બે આના

॥ ॐ ॥

॥ तत्सत्परमात्मनेनमः ॥

શ્રી લક્ષ્મિ કાન્તાશ્રિત ધર્મોપદેશક
ભકિત વિજય નાટક મંડળી.

રૂકમાંગદ એકાદશી.

નાટકના ગાયનો.

શ્રી ભકિત વિજય નાટક મંડળી માટે રચીને પ્રસિદ્ધ કરનાર

પુરાણીક દેવકૃષ્ણ હરિકૃષ્ણ શર્મા

આવૃત્તિ ૧ લી

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

કીંમત બે આના

સુરત.
ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યું.

વિજ્ઞપ્તિ

સુજ્ઞપ્રેક્ષક વર્ગોને નમ્રતાપૂર્વક સુચના કરવામાં આવે છે કે આ નાટક કેવળ ભક્તિ ધર્મ અને શ્રી એકાદશી વ્રતનું અગ્રગણ્ય ધરાવનારૂં સત્વશીલ "રૂકમાંગદનું ચરિત્ર" મહર્ષિ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મુનીના ગ્રંથાધારે લખી નાટ્ય ધારાએ પ્રદર્શીત કરેલું છે. તો તેને વિદ્વજ્જન અને સભ્ય સદ્પાત્ર ગ્રહસ્થો સાથે શ્રી વૈષ્ણવી સાંપ્રદાયાનુયાયી એ અમારા પ્રથમારંભના શુભ પ્રયોગને માન્ય કરી દોષાદોષને સુધારી આભારી કરશો.

પ્રેમાભિલાષી

પુરાણીક દેવકૃષ્ણ શર્મા



નાટક

અનંતાવધી જીવોને માયોપાધીના બંધનમાંથી મનરંજનાર્થ" અને આરામ સૌખ્ય માનવાને ફકત એક નાટય કલાજ છે. નાટક એ વસ્તુ અનાદિ સિધ્ધ છે. નાટય શાસ્ત્રાભ્યાસથી શ્રી કૃષ્ણાત્મજ પ્રદ્યુમ્નાદિક કુમારોએ વજ્રનાભ રાક્ષસને ત્યાં નટ કલા દરર્શાવી. તેની પુત્રી પ્રભાવતી સાથે ગાંધર્વ વિવાહ કરી આનંદ પામ્યા હતા. એવી અપૂર્વ નાટય કલાની યોગ્યતા આઘોર કલિયુગમાં નાટયકારોએ તદન બગાડી મુકી છે. કારણ નાટક એ આજકાલ ગમત ભર્યો એક તમાશો થઇ પડયો છે. નાટકોના લેખકોએ પણ નાટક કેવું લખવું, એ પણ મહત્વ ભરેલો વિચાર કરવાનો છે. સાંપ્રતકાલનાં કેટલાંક " ઉછળનાં " ધાર્મીક નાટકો રંગભૂમી ઉપર પ્રકાશ પામતાં જાય છે. પરંતુ કેટલીએક કલ્પના કવિજને પોતાના તાનમાં આવે તેવીજ લખે જાય છે. વિશેષ કટાક્ષ એજ છે કે " નાટકકારો " આપણા માનીતા દેવ દેવી અને દેવાંશી ક્ષાત્ર કુલોત્પન્ન સતિઓ અને મહર્ષિઓ અને રાજાઓના પાર્ટ છચોક પોતાના ધર્મથી વિ-રૂદ્ધ અનાર્યજનોની પાસે ભજવાવે છે. એ શું આ ભારતભૂમીની ઉત્સાહી પ્રજા મોજથી જોઇ રાજી થાય છે. તે સ્વધર્મને બાધ કરતા નથી કે શું ? વાસ્તે કાંઇ પણ આપણો સનાતન ધર્મ વિચારી શુદ્ધ ધર્માનુક્રમે જો નાટય પાત્રો જોશે, તોજ સાચાં નાટકની યોગ્યતાને ધન્યતા ગણાશે નહિતો પછી.

શાકર તે મીઠું ગણ્યું, દૂધને માની છાશ.
ખારી તજી છોડું લણ્યું, એવો ન્યાય પ્રકાશ.

સુજ્ઞેષુ કિં બહુના.

॥ श्रीगणेशायनमः ॥

॥ ॐ तत्सत्परमात्मनेनमः ॥

નાટકનો ટુંક સાર

{પ્રથમારંભમાં સૂત્રધાર. નટી ઇશ્વર પ્રાર્થના સાથે}
{નાટકનું વસ્તૂ સુચન દર્શાવી વિષ્કંભક પૂર્ણ થાયછે}

પ્રવેશ ૧–શ્રી કાન્તી નગરીના સત્વશીલ રાજા રૂકમાંગદનું અંતર્ગૃહમાં શ્રી મહાપ્રભૂ વિષ્ણુનારાયણની પ્રેમપૂજા કરીને આરતી કરે છે. પોતાના કુટુંબવર્ગો સાથે જન્મના સાર્થકતા માની ઋષીઓનો આશિર્વાદ લઈ પ્રભૂ સ્તવન સાથે પ્રવેશ પૂર્ણ થાય છે.

પ્રવેશ ૨–અરણ્યમાં સરોવર કિનારે દેવઋષિ શ્રીનારદમુનીજી નામ મહાત્મની વ્યાખ્યા સાથે રૂકમાંગદ રાજાની પ્રવિત્ર ભૂમીનું વર્ણન કરતાં તથા તેની શ્રી વિષ્ણૂપૂજાની મહતા વખાણતા ઇંદ્રલોકમાં ગમન કરે છે.

પ્રવેશ ૩–અમરાવતીમાં ઇંદ્રનો દરબાર. ઇંદ્રને થતાં મનની ચીંતા માટે દેવોએ સમાધાન કરવું શ્રીનારદમુનીનું આવવું. દેવ મંડળીએ સન્માન કરતાં ઇન્દ્રે મૃત્યુલોકના નુતન સમાચાર પુછતાં નારદજીએ કાન્તીનગરીનો ધાર્મીક

રાજા રૂકમાંગદના પુષ્પ બગીચાનું વર્ણન કરવું, ઇંદ્રનું આશ્ચર્યજનક માનવું દેવોને રૂકમાંગદ રાજાના બગીચા માંથી તમામ પુષ્પો મંગાવી લેવાની આજ્ઞા કરવી, ઇંદ્ર ને નારદનો હિતોપદેશ.

પ્રવેશ ૪–(માઘસ્નાનના પુણ્યની અપૂર્વ કથા. શુદ્ધ પાતિવ્રત્ય વાળી સ્ત્રી પોતાના પતિને તારે છે. તેનો તદ્રૂપ ચિતાર) સત્યવ્રતા. સતી તે ચૌદ જન્મની બ્રહ્મચર્ય દિક્ષાવાળી પોતાના જન્મોજન્મનો વ્યભિચારી પ્રતિ ચિત્રધર્મ સાથેનો પ્રવેશ. સત્યા નામની દાસી સાથે પતિવ્રત ધર્મ ની વ્યાખ્યા. વેસ્યાને ત્યાંથી છુટી કરી ચિત્રધર્મનું ઘેર આવવું "કામમાં ફંદી બનેલા પ્રાણી કદી વિજય પામ્યા નથી" તે બાદલ પતિને પત્નિનો ઉપદેશ.

પ્રવેશ ૫–રૂકમાંગદ રાજાના પુષ્પ બગિચામાં સ્વર્ગથી ઉતરેલુ પુષ્પક વૈમાનમાં દેવદૂતોનું આવવું. પુષ્પે. વિણી આકાશે વૈમાનમાં ઉડી જવું વાડીના રક્ષકોનું જાગ્રત થવું પ્રધાને આવી પુષ્પો અદ્રશ્ય થૈ ગયા બદલનો ઠપકો. રાજા સ્વત: પુષ્પો વિણવા પ્રાપ્ત થતાં પુષ્પો ન મળવાથી પ્રભૂ પૂજા માટે વિઘ્ન થએલું ગણી ઉદાસીયુકત મંદીરે ચાલ્યા જવું.

પ્રવેશ ૬–કામાક્ષી નામની વેસ્યા ને ત્યાં ચિત્રધર્મનું આવવું પ્રેમશ્રૃંગારમાં ખરડાયલો બ્રાહ્મણ પાકી કેરીનો સ્વાદ લેવા મહેલમાં ઉભય જોડા સાથે ચાલ્યા જવું

પ્રવેશ ૭–દેવોના દૂતોનું આશ્ચર્ય જનક માનવું થઈ રાજાના પ્રભૂ ભકતીનું વિવેચન કરતાં બગિચામાં રવાને થઇ જવું.

પ્રવેશ ૮–ત્રણ દિવસોથી શ્રી મહાપ્રભૂ વિષ્ણુ ભગવાનની પુષ્પ પૂજા વિના રૂકમાંગદને ઉપોપણો છે. પ્રધાન સાથે રાજાનુ ઉદાશી યુકત ભાષણુ વાડીમાં દેવદૂતો પુષ્પો વિણતાં રક્ષકોએ દૂતોને બંધન કરવું. કારણુ વેંગણીના સુકા થએલાં ઝાહાડનો ધુમ્ર લાગવાથી વૈમાનનું બગિચામાં સ્થિર થઇ જવું. રાજા સનમુખ રક્ષકોએ દૂતોને હાજર કરવા વૈમાન સ્થિર થવાનું કારણુ જણાવતાં રૂકમાંગદનું આશ્ચર્ય પામવું. વેંગણ ખાવાવાળા જીવો અધમ ગણાય છે. તે બદલ દેવદૂતો અને રાજાનું ભાષણ વૈમાન સ્વર્ગે જવા સારૂ એકાદશીના ઉપોપણનું પુણ્ય જન અપાવવા દૂતોનું કહેવું. એકાદશી એ વ્રત શું છે? તે બદલ રાજાનું દૂતો પ્રતી ભાષણ દૂતોએ સાત્ર એકાદશી મહાત્મનું અંતર્નાટક કરી બતાવવા કહેતાં રાજાનું મંડળી સાથે નાટક જોવા જવું.

અંતર્નાટક.

પ્રવેશ ૧–સૂત્રધાર નટિ નૃદેહ જન્મનું મુખ્ય કર્તવ્ય શું છે. તે વિષે વિવેચન કરતાં નાટકની શરૂવાત. હીમાલયની તલેટીમાં મુર નામનો દાનવ તપશ્ચર્યા કરે છે. શ્રી શંકરનું વરપ્રદાન થયું કે વિષ્ણુ ભગવાનના શ્વાસમાંથી એક કન્યાનો જન્મ થશે તે શીવાય ત્રીભુવનમાં તું વિજઇ થૈશ. રાજી થતો મુર દાનવ ઇંદ્રાસન ઉપર ચડાઇ કરવા જવું.

પ્રવેશ ૨–મુરના ત્રાસથી ઇંદ્રનું નાશી જવું. બ્રહ્મદેવને લઇ ઇંદ્રે

કૈલાશમાં શંકરજી પાસે જવું મુરનું શંકરજી પાસે આવવું. ઇંદ્ર બ્રહ્માને શર્ણું કરો નહીંતો મારી સાથે યુધ્ધારંભ કરો, શંકરે આપેલા વરપ્રદાનથી દેવોને લઇ મેરૂ પર્વતની તલેટીમાં શ્રી વિષ્ણુ સ્તવન કરવા નાશી જવું.

પ્રવેશ ૭–મેરૂ પર્વતની તલેટીમાં દેવ મંડળીએ વિષ્ણુ સ્તવન કરતાં ભગવાનનું પ્રગટ થવું. તથા દેવોને લઇ પર્વતમાં સંતાઇ જવું. ભગવાનનું મુરદાનવ સાથે યુધ્ધ થવું, યુદ્ધમાં વિષ્ણુનું હારી જવું. શ્રી એકાદશીનો જન્મ દેવમંડળીને અશ્વાસન મુરનું એકાદશી સાથે યુદ્ધ કરતાં મરણ. દેવોએ એકાદશીને વરપ્રદાન આપી અંતર નાટકની સમાપ્તી.

પ્રવેશ ૯–ધોબી ધોબણનો પ્રવેશ પોતાની સ્ત્રીને કાંઇક વાંક માટે માર મારવાથી સ્ત્રીનું રિસાવવું એક દિવસ ન ખાવાથી ધણીએ સ્ત્રીને મનાવવા કાલાવાલા કરવા. રાજા તરફથી દાંડી ફરી કે જે કો જીવ પરમ દિવશે એકવાર જમેલું હોય અને ગઇ કાલે કાંઇપણ ખાધેલું ન હોય તેણે દરબારમાં હાજર થવું. દાંડીવાળા સાથે ધોબીની વાતચીત, ધણી ધણીયાણીનું દરબારમાં જવું.

પ્રવેશ ૧૦–પુષ્પ બગિચામાં રાજાનું મંડળી સાથે આવવું. વૈમાન ભૂમિમાં સ્થીર થયેલું છે તેને દેવદૂતે હાજર થએલાં ધોબી ધોબણ પૈકી ધોબણને હાથે એકાદશીના ઉપવાસનું

પુષ્પ જલ મુકાવતાંજ વૈમાનનું આકાશમાં ઉડી જવું. રાજાનું આશ્ચર્ય જનક માનવું. અને એકાદશી વ્રતધારણ કરવાની પ્રતીજ્ઞા થતાંજ એકાદશીનું પ્રગટ થવું, આશીર્વાદ સાથે પ્રથમાંકની સમાપ્તી.

અંક ૨ જો.

પ્રવેશ ૧—રૂકમાંગદ રાજાનો દરબાર, એકાદશીવ્રત ધારણ કરાવવા સામ નગરમાં પુકાર કરવા હુકુમ કરવો. નગર જનોનું આવવું. સર્વ પ્રજા એકાદશીવ્રત સ્વીકારી પ્રભૂમય થૈ રહે છે. એવી ખાત્રી આપવી. રાજાએ આનંદ માની હરિ મંદિરે જવું.

પ્રવેશ ૨—સત્યવતા સ્ત્રી પોતાના પતિને પરદ્વાર સેવનનું મહાન પાપ લાગવાથી રક્ત કુષ્ટ થયો છે, જાણી પ્રભૂ પ્રાર્થના કરવી કામાક્ષીને ત્યાંથી છુટો પડેલો ચીત્ર ધર્મ દુઃખી શરીરે કુષ્ટી થતો પ્રવેશે છે. પતિવ્રતાનો પતિને હિતોપદેશ, પતિનો કામવિકાર કાયમ રહેવો. અને તૂર્તજ કામાક્ષીને ત્યાં સતી સ્ત્રીના સ્કંધ ઉપર બેશી ચાલ્યા જવું. માર્ગમાં વરસાદનું ઘેરાવું. મોટા રસ્તે એક માંડવ્ય નામના ઋષિને શૂળી ઉપર સમાધી છે. અંજાણે અંધારામાં પતિવ્રતા પતિને વેશ્યાને ત્યાં લૈ

જતાં ઋષીને સ્પર્શ થતાં મુનીનું દુઃખ જનક મૂત્રાવવું. પોતાને કષ્ટ થએલું જાણી પતિવ્રતાને શાપ આપવો, કે સૂર્યોદય થતાંજ તું વીધવા થઇશ. સતિ સ્ત્રીએ મુનીની પ્રાર્થના કરતાં અજાણે મારાથી દુઃખ દેવાયું છે જેથી હું નિર્દોશીને આપે શાપ આપ્યો છે. માટે સૂર્યને ન ઉગવા માટે પ્રતિજ્ઞા કરવી આકાશ વાણી થવી કે પતિવ્રતાનું વચન સૂર્યનારાયણને માન્ય છે.

પ્રવેશ ૩–રૂકમાંગદની એકાદશીવ્રતની ખ્યાતિ ત્રીભુવનમાં થતાંજ યમરાજાને સંતાપ થવો. ઇંદ્રની પાસે આવી રાજાના વ્રતનો ભંગ કરવાની માંગણી. ઇંદ્ર ધર્મરાજાને લઇ બ્રહ્મા સાથે કૈલાસમાં શ્રી શંકરજી પાસે રાજાના વ્રત ભંગ સારૂં પ્રાર્થના કરવા જવું.

પ્રવેશ ૪–રૂકમાંગદ રાજા પુષ્પ પૂજાથી પરવારેલો મંડળી સાથેનો ભજનાનંદનો બોધી પ્રવેશ–પીતાએ પુત્રનો ધર્મ વખાણવો.

પ્રવેશ ૫–કામાંક્ષીને ત્યાં કોડથી પીડાતો ચીત્ર ધર્મનો પ્રવેશ દુઃખી થતા બ્રાહ્મણનો ગુણિકાએ તિરસ્કાર કરવો. મદાંધ બનેલો ચિત્ર ધર્મ ગુણિકા પ્રતી વારંવાર રતિ સુખની માંગણી સાથે કાલાવાલા કરતો ગુણીકા સાથે પ્રેમભર્યો ચાલ્યો જાય છે.

પ્રવેશ ૬–કૈલાસમાં શંકરજી પાસે ઇંદ્ર, બ્રહ્મા યમરાજાનું પ્રાપ્ત થવું, રૂકમાંગદરાજાનું વ્રત ભંગ કરવા શંકરની પ્રાર્થના, શંકરે દેવ મંડળીના સ્વરૂપમાંથી તિલ તિલપૂર જથો કાઢી

એક મોહની નામની કન્યા ઉત્પન્ન કરી તેને ઇંદ્રે, રાજાને ભ્રષ્ટ કરી તેના વ્રતની સત્ય ટેક મુકાવવા મોહીને આજ્ઞા કરવી.

પ્રવેશ ૭–રાજાનો પુત્ર ધર્માંગદનો બાળમિત્રો સાથે સંતસમાગમ અને ભગવદ ભકતની ખ્યાતી સાથે ભજન રંગનો બોધી પ્રવેશ.

પ્રવેશ ૮–પુષ્પવાડીમાં મોહીનીનું પ્રેમ યુકત ગાયન. રૂકમાંગદ રાજાનું આવવું. મોહનીના સ્વરૂપથી મોહ પામતાં આકાશવાણીએ ચેતવવો, તોપણ પ્રેમ માયામાં લુબ્ધ બનેલો રાજા મોહીનીના તમામ વચનોને સ્વીકારી સત્ય વચન આપી ખોટા પ્રેમમાં બંધાઈ જવું. મોહનીને લઇ પ્રેમ લુબ્ધ બની રાજાનુ અંતઃપુરમાં ચાલ્યા જવું.

અંક ૩ જો.

પ્રવેશ: ૧–ખાનગી દીવાનખાનામાં ધર્માંગદનું ભકત મંડળી સાથે પ્રભુ ભજન, પોતાના પીતા નવી આવેલી મોહીનીમાં લુબ્ધ થએલા છે, જાણી બાપની તમામ સાત્વીકતાની ટેક હરિ ભજન અને એકાદશી વ્રતની અડગ ટેક સ્વીકારી લેવી. પ્રધાને આવી કહ્યુ કે મોહીની તમારા

ઉપર ઘણીજ રીસથી બળે છે. તે પ્રતી ધર્માંગદનું વિવેચન.

પ્રવેશ ૨–મોહીનીનો ધર્માંગદ ઉપર દ્વેશ, રાજાને ફસાવવાની યુકતી. રાજાનું આવવું, પ્રેમમાયાના તાનમાં ગર્ક બની ઉભયનું એકાંતમાં જવું.

પ્રવેશ ૩–સત્યવ્રતાના વચનથી સૂર્યોદય થતો નથી જાણી બ્રહ્મા ઇંદ્રનું સતિને વરપ્રદાન આપવા આવવું. કામાક્ષીનું એકાએક મૃત્યુ થયું જાણી ચિત્રધર્મનો મહાન શોક. સતિને તેના પ્રતીબોધ. બ્રહ્મા ઇંદ્રનું દર્શન. માંડવ્ય ઋષીને કાર્તીક સ્નાનનું સતીએ પુણ્યજલ આપતાં શૂળી ભાંગી જવી. ઋષીએ ચીત્રધર્મને એક માઘસ્નાનનું પુણ્ય આપતાં રોગથી મુક્ત કરવો. દેવોના કહેવાથી સતીએ સૂર્યને ઉગવા આજ્ઞા કરવી. સૂર્ય દર્શન પતિવ્રતનો પ્રભાવ.

પ્રવેશ ૪–મોહીની સાથે રાજા પરમ ભાવથી આસક્ત બનેલાનો પ્રવેશ. દાંડીવાળાએ એકાદશીવ્રતનો ઢંઢેરો પીટતાં રાજાનું શ્રવણ કરવું. ખોટી માયાની જાળથી ગુચવાયલા રાજાનુ જાગ્રત થવું. એકાદશી વ્રતોત્સવ કરવા જતાં મોહિનીનું અટકાવવું. રાજાએ સમજુતી કરવી. છતાં મોહિનીનો કટાક્ષ ભર્યો ક્રોધી વિષયનો ચિતાર. રાજાએ તિરસ્કાર કરી હરી મંદિરે વ્રતોત્સવ કરવા ચાલ્યા જવું.

પ્રવેશ ૫—અરણ્યમાં નારદ મુની. સૃષ્ટી સૌંદર્યનું વીવેચન. રૂકમાંગદ રાજા ઉપર મોહીનીનો અતિ ક્રોધ. એકાદશીવ્રત ભંગ કરી સત્ય ટેક હર્ણું કરવા નિશ્ચય જાણી શ્રી ભગવાનને ત્યાં નારદ મુનીનું પધારવું સત્યવતા. ચિત્રધર્મને જ્ઞાન માર્ગે ચઢાવવો. ઉભય જોડાનું પ્રયાગરાજ માઘસ્નાન માટે જવું. ઇતિહાસની સમાપ્તી.

પ્રવેશ ૬—શ્રી વિષ્ણુ ભગવાનનો લક્ષ્મિજી પ્રતી માયા માર્ગનો વાદાર્થ. નારદમુનીનું પધારવું. રૂકમાંગદનું સત્વ મોહીની લઇ જાય છે, માટે સત્વર ભકતની લાજ રાખવા પરમાત્માને કહી બતાવવું. ભગવાને ભકતની ભીડ ભાંગવા તત્પર થવું.

પ્રવેશ ૭—ખાનગી રાજગ્રહમાં રાજકુટુંબ મંડળી સાથે રાજાએ એકાદશીવ્રતો ઉત્સવ કરી જમવાની તૈયારી. પોતાના પુત્રને મોહિનીને તેડવા મોકલતાં મોહીનીનું ક્રોધાવેશમાં આવવું. વચનથી ભ્રષ્ટ બનેલા રાજાને " સત્યવ્રત અગર પુત્રનું મસ્તક. " બેમાંથી એક આપ. એવી માંગણી રાજા મોહિનીનો વાદાર્થ. આખર સત્ય ન આપતાં પુત્રના મસ્તકને આપવા કબુલાત કરવી શીરચ્છેદ કરતાં પ્રભૂ સ્તવન સાથે તૂર્ત શ્રી વિષ્ણુ ભગવાનનું પ્રગટ થવું. મોહિનીને પ્રભૂનો શાપ. દેવમંડળીએ ક્ષમા માંગવી મોહીનીનો ઉધ્ધાર થવા વરપ્રદાન "સત્યાંતે શ્રી હરી સાહ્ય થાય છે"

તેનો ચિતાર-રાજાએ પ્રભુનો પાડ માની શ્રીજીધામમાં જવા હરિહર દેવની સ્તુતિ ગાતાં ધાર્મીક પ્રયોગની સમાપ્તી.

॥ શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ ॥

॥ શુભં ભવતુ ॥

સમાપ્ત

પાત્રો.

સૂત્રધાર. નટિ.

રૂકમાંગદ ... ... કાન્તી નગરીનો ધાર્મીક રાજા.

ધર્માંગદ ... ... રૂકમાંગદનો સાત્વિક પુત્ર.

ઇંદ્ર ... ... અમરાવતિનો રાજા.

વરૂણ } ... ... એ દેવો
કુબેર } ... ...

શ્રી નારદજી ... ... પરમાત્માના પરમ ભકત.

ચિત્ર ધર્મ ... ... એક બ્રાહ્મણ.

દેવદૂતો ... ... ઇંદના અનુચરો.

અંતર નાટક.

સૂત્રધાર નટી

મુરદાનવ ... ... શ્રી વિષ્ણૂનો દ્રોહી અસુર.

શ્રી વિષ્ણૂ ... ... વૈકુઠંપુરના સાત્તીક પરમાત્મા.

શ્રી શંકર ... ... કૈલાવાસી પરબ્રહ્મ.

શ્રી બ્રહ્મા ... ... સત્ય લોકવાસી શ્રૃષ્ટી કર્ત્તા.

સ્ત્રી પાત્રો.

રાણી ... ... રૂકમાંગદની.

સત્યવ્રતા ... ... ચિત્રધર્મની સ્ત્રી સતી.

શ્રી લક્ષ્મી ... ... ભગવાનની અર્ધાંગના.

સત્યા ... ... દાસી.

કામાક્ષી ... ... ગુણીકા.

ચંપા ... ... કામાક્ષીની દાસી.

મોહીની ... ... દેવમંડળીના સ્વરૂપમાંથી બનેલી કન્યા.

એ સિવાય પ્રધાન, નગરજનો, ચોપદાર ભકતમંડળી વીગેરે વીગેરે વીગેરે.



॥ ॐ तत्सतपरमात्मेनमः ॥

શ્રી રૂકંમાંગદ એકાદશિ

નાટકનાં ગાયનો.

સૂત્રધાર   ૧

શ્રીહરિ કિર્તાર. શ્રીહરિ આધાર. તું સાર. આ...જેસંસારે.
તું તારે. ઉગારે છું મ્હારો ગુણકારી.ને ભારી અવીચારી; શ્રીહરિ
નટવર તું ગિરિધારી. ભયહર તું મુરારી. છે જયકારી.
પરમ પ્રેમ ધારી. પ્રભુ નિજ જનને લ્યો તારી.
વિનતિ આ સ્વિકારી. સકલ વિઘ્ન દ્યો વિડારી, શ્રીહરિ.

નટિ.   ૨

પ્રીતમ પ્રભુ પરમ સુધારસછે. મધુર ગિત ગાનથી હરી વ[illegible]છે;
રસિકવર ધર્મ ધુરિંધર છે, પરમ પ્રિય ભક્તિથી સુખકર છે;
આ તન નૌકાને ભવ નિધીમાં. ભકિત વડે તારે.
હરિહર એકજ શુધ્ધ પ્રેમથી. ચઢતા સત્ય વ્હારે.
તું જનમ શુભ ધરિ પ્રભુ સંભારે.
વિજયી જીવ વિજય વિજય ધારે. પ્રીત.

જય જુગદીશ તું ઇશ તું. પરમાત્મા ભગવાન.
જય કરજે નિશ દિન તું. જગદાત્મા કલ્યાણ. પ્રીત.

રાજમંડળી. ૩

જય ગિરિધર, મુરહર. મુરલીધર ભવહારી;
પ્રભુ છો સુખ સુખકરી;
મુકુંદ માધવ ગિરિજાપતિહર પ્રિયધારી; જયદેવ જયદેવ
જય સુંદરવર પ્રિયવર. અઘહરતા ભારી. પ્રભુ
કેશવ વિષ્ણુ નિરંજન. જય કરૂણાકારી જયદેવ જયદેવ

રાજમંડળી. ૪

પરમ નટવરજી મોક્ષ કરશે. હરી તુંએ બાથે ધરશે. પર.
હરી હર એ કષ્ટ હરશે. શુધ્ધ મનથી પ્રાંણી તરશે પર.
પ્રેમાનંદ પ્રગટ કરી. ભકત ચડે નિજ ધામ.
શ્રીહરી કૃષ્ણ સુધાભરી પાન કરી લે વિરામ. પર.

શ્રી નારદજી ૫

રટમન રામ ગદાધર સ્યામ, ગદાધર સ્યામ તું રટ રામ
(૨) રટ૦
મનહર સુખકર નામ સુધાકર, પ્રેમથી પાન કરી લે જરા
રટ રામ સદા સુખ ધામ રટ૦
તન મન ધનથી ઘટમઠ અંદર, મંદિર સુંદર મુક સદા
રટ રામ સદા સુખ ધામ રટ૦

ઇંદ્ર ૬

મુની તણી વાણી હૃદયે ગમી.
ધન્ય ધન્ય છે કર્મ ભૂમિને સૂર્યવંશનો રત્ન હીરો તે.
ધરા ધીશની ખુબી ન્યારી શી તણી વાણી.
રમ્ય સુગંધિક પુષ્પ વાટિકા, તેજ શુશોભિત કેવી તે હશે

કયારે હુંતે ન્યાળુ. તેઓ પુષ્પોને નિહાળું.
મારી આશા લાગિ લાગિ તેહમાં મુની

સત્યવ્રતા ૭

પતિવૃતછે સુખકારી, મોટું સતી સ્ત્રીને સુખકારી
પતિ મમશંભૂ પતિ હરી વિષ્ણુ, પતિ વિધી સમ છે ભારી
પતિ સેવા ભલી પુણ્ય પરાયણ પતિ ગિતા ગુણકારી પતિ.

ચિત્રધર્મ ૮

અહા પ્યારી રંગ ગુલજાર,મદન શ્રૃંગાર શું મોહિનીમોહ કરી રહી છે.
તનવાડી સુકુમાર, કંચુકી બ્હાર વળી લે લચકતા રતનો મહિ છે
ખિલિ ખિલિ ચંપાનિકળી,સુગંધિક ભલી, આ મનને મોહ કરી રહીછે
ભલિભલિ પ્રેમની પરી, કામ મય ઠરી, આ પ્રિયમાં પ્રેમ ઘેલી થઇ છે

સાખી.

પ્રિય અંગ રંગની ખુબી અલૌકિ ભરી.
વળી મદન મોહિની, પ્રેમ સ્વરૂપે ઠરી,
મને સુંદર નખરે માર માનતી પરી.
શુભ વદન ચંદ્રથી શોભિત છે સુંદરી,
બસ પ્રેમ એજ દિલદાર, ખરો છે બ્હાર રસિકતા લાગિ લાગિ
રહી છે.—તન૦

સત્યવ્રતા. ૯

મદન તણી છે સ્વામી પ્રીતી વિકારી.
પરમ પ્રતાપી મોટા. મુની ગયા હારી. વિચારી

ચિત્ર રે મારી. તે પ્યારી.

સત્ય. છે કારી.

ચિત્ર. પ્રિય મદમદ માતિ જુવાની દિવાની મેં ધારી. સુવિચારી.

સત્ય. મદમાં ભરેલા પ્રાણી કાંઇક રોળાણાં.
સમજી કહુંછું માનો વિનયજી સ્યાણા.
છુંનારી. હું તમારી.

ચિત્ર. તું બિચારી. સતિ સારી.
પણ નથિ ઠરતી તવ શિક્ષાએ મતિ મારી લે ધારી. મદન.

કામાક્ષી. ૧૦

ભારી ખિલી ચંપેલીની બ્હાર.
રસિયાજી કરતા વિહાર. રસિક આલી ખિલી.
ફુલી. ફુલી રહીછે આ. વાડી રસિક આલી
લચકાતી કરતી વિહાર. મદન મારે. (૨)
આજે થયા પહેલો સમાગમ. કાંઇ પડિના ગમ.
વિરહી ચંપાજો શ્રૃંગાર.
ગઇ હારી હું થઇ છું બેજાર. રસીલી. ખીલી.

કામાક્ષી. ૧૧

ચાલો ચાલોજી રસિયા આધાર. રંગિલી આ પાકી કેરી ચાખો યાર
પ્રેમથી આ પાકી કેરી ચાખો યાર પ્રીતભરી ચાખી લ્યો મારા આધાર

ચિત્ર. પ્રીતી વેલીનો પ્યારો ચિતાર. માનીતીનો ભારી શ્રૃંગારી આકાર
મીઠી મીઠી વાંણી સુધાની છે ધાર.

કામા. પ્રેમે રિઝાવું. ભારી મનાવું ઝુલેઝુલાવું સારીઆરાત.

ચિત્ર. પ્યારી. મારી. ધારી. ભારી. ન્યારી. તારી. વાત.
કામા. (એમકે. ચિત્ર. ત્યારે કેમ. કામા કહો શો વિચારછે?
ચિત્ર. કેરી ચુસી સુધ જવાનો. કામા. ચાલો ત્યારે
પ્રેમ મંદિરમાં પોઢશોકે. ચિત્ર હાંહાં ચોકસ (૨)
રાજી રાજી છું મારા આધાર. રંગીલી.

રૂકમાંગદ ૧૨
કેશવ કરૂણાળુ મુરારીરે, પ્રેમામૃત પા ગિરિધારીરે.
કેશવ.

પુષ્પો તણી ચોરી થઇ રહી છે, પરમ પુજા વિણ થાય ઉપોષણ
વિકટ સમય હૃદય ખટકે, સદન બદન મમ દુઃખ હર
કૃપાળ શુભકરરે. કેશવ.

અંતર નાટક.

સૂત્રધાર ૧૩
શંભૂ હર હર કૃપાળ, શીશ ગંગ છે વિશાળ.
ભાળ નેત્ર ચંદ્ર બાળ, શોભિત રસાળ શ્વેત. શંભૂ.
અંગમે વિભૂતિ રાજે, વાસુકીનો હાર છાજે.
અર્ધ નારી નટ વિરાજે, શિવ હર શુભ શાંતાકાર. શંભૂ

દેવ મંડળી ૧૪
કાંઈ કલ ન પડતી..................હરિહરિ કાંઇ.
સમય વિકટ છે દેવ તણો આ, જગ પ્રતિપાલ શ્રીધાઓ
ધાઓ કાંઇ.

નિરાધાર શરણે રહી દેવો, ચરણ કમલનું ધ્યાન ધરે.
પરમ શાંત શ્રી કાન્ત ધ્યાઓ. કાંઇ

શ્રી એકાદશી ૧૫

ચીંતા હરશો શાંતી ધરશો સુખમય કરશો.
હરિહર દેવો તમ સહુ સેવો ભકતી ભાવે. ચિતા.

અંતર નાટક સમાપ્ત.

ધોબી- ૧૬

વ્હાલી મનાઇ તું જા (૨) રંગીલી છબીલી માની તું જા.
લાડુ મારી મારીને ભાંગ્યાં છે હાડકાં. (ઓ મારે ઓબારે.
આ બહુ વાગ્યૂં.
ધોબી અરરરરરરરરર. શું વાગ્યૂં. માં કયાં વાગ્યૂં. વ્હાલી૦
લાડુ ગુનો કર્યો શું મારા પીટણજી, જયારે ને ત્યારે તું વર થૈ જાય.
(ઓ મારે. ઓ બારે આ બહુ વાગ્યૂં.
ધોબી અરરરરરરરરર શું વાગ્યં. માં કયાં વાગ્યૂં. વ્હાલી૦

ધોબી- ૧૭

રંગ રંગરે વ્હાલી મન હરણી
લાડુ તારી પ્રીતીના બાંણે વિંધાઇ હરણી.
ધોબી મારી લાડુલી ચાલ ચાલ ખાઇ લે તું.
લાડુ મને મેવા મીઠાઇ ખવરાવો કે હલવો
મીઠો ને મરવો ખાવો છે.
ધોબી પેંડા જલેબી ને તાજી મીઠાઇ ઓ.
પ્યારી તું ખા પણ રાજી થઇ જા.

ઢાડુ ઓય ઓયરે રસિયો મન વસીયો.
આવ ચંપાના ફૂલ તારી પ્રીતીમાં ગુલ,
ધોબી (ઓયે વાહ ખુબ કરી દોસ. રંગ રંગ

રૂકમાંગદ— ૧૮

પ્રભૂ તારી કૃતી શી આ છે. રમ્ય પુષ્પક આ સ્થિર થયું શું
એ છે.........તારી.

આવે સમય તું તારે આવી હર હર
શ્રીધરની એકાદશીવ્રત વિધી મેં પ્રમાણી છે. પ્રભૂ.

શ્રી એકાદશી— ૧૯

ભૂપાળ બાળ દયાળ તું. વિષ્ણૂ તણો પ્રિય ભકત છું.
જાણી કૃપાળ થઇ ધણી. તુજ ભકિતમાં આસકત છું.
એકાદશી મમ વ્રતને. સત્ચીતૂથી આરંભજે.
મારી કૃપા છે તવ પરે, મમ ધામમાં અંતે જજે.

॥ अंक १ लो पूर्ण ॥

॥ અંક ૨ જો ॥

રૂકમાંગદ ૨૦

નટવર મનહરજી આધાર છો.
જનને. નિત. નિત. શ્રી. જી.
સુખ કરતું. દુઃખ હરતું. હરઘડીપલ. નટ.
સકલ જગત મહિં છો ન્યારા. ને પ્યારા.
વિધવિધ સુખ સુખ આપશો.

દરબાર. સુંદર અવિગત અવિચલ સતપત. દાતા. શાતા.
સિદ્ધાંતકારી. કુભ્રાંત હારિ. નટ.

ચત્રધર્મ. ૨૧

વર્ષાઋતુ આશી છંવાઇ; પડી ઘોર ગર્જના ગાઇ. વ
મન્મથ તાપ તપી રહયો તનમાં. વિરહ વ્યથા થઇ
અતીશેમનમાં.
પ્રીતી ભરી પ્રીયને ત્યાં જાતાં. વિધ્ન થયું શું યાંહી વ.
તન પીડે રોગે અતી મારૂં. મન હીંડે કામાક્ષી સારૂં.
પ્રેમ પાશનું બંધન પ્યારૂં. મળ્યું મને જગમાંહી. વ.

આકાશવાંણી. ૨૨

સતિની વાંણી અમર છે, સૂર્ય ન ઉગશે માન.
પતિની સેવા સુફલ છે, પ્રગટ થશે ભગવાન.

છંદ. ૨૩

મન ભ્રમણમાંહી ભમે. આશી આવી, આફ્તો મુજપર હરી.
મન.

કૃતિ. મતિ. અતિ ગતિ પ્રભુ શી છે તે.
વળિ કળિ શકું નવ મનાહર તુંથી.
હરિ હર સુખકર. નિજ જનને. મન.

રૂકમાંગદ. ૨૪

પ્રભૂ પ્રેમ રસના છે જો ભોગી.
તેને ભજી ભવથી થાજો નિરોગી. પ્રભૂ
પ્રેમરસ પાયછે જે કોઇ યોગી
હરી હરી ગાયછે ભકતકો સુયોગી. પ્રભૂ.
પ્રેમ છંદ ભકતીની મુકતી છે જો મોઘી.
પ્રીત હીત લાગ્યાથી પ્રાપ્ત થઇ સોંઘી. પ્રભૂ.
ભવોભવ જન્મના આ ભોગ છેજ રોગી.
ગુરૂ જ્ઞાન પ્રાપ્ત કરી. જીવ થા વિયોગી. પ્રભૂ.

કામાક્ષી ૨૫

રસિકવરે પ્રેમથી લલચાવી લાલેતો લજ્ઞચાવી રહે છે
મલકાવી—રસિ૦
પ્રીતી હીરાતણી માળ મધુરી તે કંઠમાં પ્રેમે સોહાવી—રસિ૦
માંણી મધુરી મેં પ્રીતી પુરી આલી પ્રેમ ભભૂત
લગાવી— રસિ૦
પ્રીતમ પીયુજી આવ્યા નહી હજી સુંદર સ્હેજ બિછાવી—રસિ૦

કામાક્ષી ૨૬

પ્રીતી ઓલો રસીયા વરને વ્હાલો લાગ્યો.

ચિત્ર—વ્હાલી મ્હારી કાંટો પ્રેમીલો કારી વાગ્યો

સુંદર છે અણુસારો વળી ચમકારો પણ નારો

કામા—મોહનથી મોહજ લાગ્યો પ્રીતી॰

પ્રેમી મંદીરમાં ચાલો, રંગે રમવાને સારૂ

ચિત્ર—હરીયાળી અરે લીલા છે ખીલેલી ફુલડાંથી છે ભરેલી

કામા—મનહરજી કામ જાગ્યો પ્રીતી.

દેવમંડળી ૨૭

શંભૂજી હરહર ભોળારે પરમશાંત ડોલે આતમમે

પુરણ બ્રહ્મ છો શાંતાકારજી શોભિત છે ચંદ્ર શીતનો આકાર

ૐ—શંભૂ

શુન્ય શિખરપર ડોલે મુરતી ચિદા ભાસની સોભિતરે

હરઘડિ હરપલ અવગિત અવિચલ શોભિ.

ધર્માંગદ તથા મંડળી ૨૮

શાંત હરી નામનો પ્યાલો પી પ્રાણી

જુઠી બાજી આ જગતની લ્યો જાણી શાંત.

કાચી કાયા ત્હારી કામ શું આવશે. અંતમાં થશે ધુળધાણી

પાણી તણો પરપોટો ઘડિકમાં ફુટી જશે જો પ્રમાણી શાંત॰

નામની લ્હે થકી તારી ગયા ઘણા પુસ્તકોમાં વાતો લખાણી

ધ્રુવ નારદને ભકત વિભિષણ વાલ્મક એકથાતો વખાણી

શાંત

ધર્માંગદ ૨૯

તારી મને લાગી માયા, પ્રભૂ વનમાળી.
કાચી આ માટીની કાયા, રહી છે સુખાળી. વ્હાલા પ્રભુ.
મોહમાં મચ્યાં છે પ્રાણી, કાળો કળી પાળી. વ્હાલા પ્રભુ
ફંદમાં ફૂલેલા જીવો, ક્યાંથી શકે ભાળી. વ્હાલા પ્રભૂ
ભાવનો ભુખ્યો છે હરિ, જગ રહ્યો પાળી. વ્હાલા પ્રભૂ.
પ્રેમથી રહ્યો છું પ્યારો, રસિક નિહાળી. વ્હાલા પ્રભૂ.

મોહિની ૩૦

વાડીમાં ભૂલી પડી પ્રેમદા.
વાટિકાની વસમી છે વાટરે. વાડી.
ઝરણૂ આ ઝરતું ઝાઝૂ, પ્રેમી મળવાને તાજું (૨)
ફૂલી ફાલી ફાટયો છે આ ઘાટ, નોથાટ કોમાટ આ વાટરે વાડી.
રેલાણી છે રસની રેલો, કોને કહુ પ્રીતે ઝીલો (૨)
યુવાનો વછુટયો વેલો જાય, તે કયાંય સમાય કો સાથરે વાડી.
ફુલ વાડી લીલી બની, સુગંધ બહુ છળકાય.
પ્રેમી વિણ વિલી જુઇ, તુરત ભુલી પડી જાય.
કળી કળીને ભેટવા, પરમ પ્રેમથી ન્હાય.
માનીતાને વશ કરી, પ્રેમ સુધારસ પાય. વાડી.

આકાશવાણી ૩૧

ચેતી જા તું ચિતમાં, નૃપવર ચતુર સુજાણ.
ભ્રષ્ટ થતો નાનારથી, અતિ ભય સત્વની હાણ.

મોહિની ૩૨

પ્રિતમવર ચાલો પ્રિય પ્રાણાધાર, ન્યારા દિસો છો શાંત
આકાર, પ્રિતે મ્હાલશો મમ શૃંગાર પ્રિ૦

આ તન મન ધન મંદિર અંદર, રતિ રસ કસનો બ્હાર
પાતળીયા પિયૂ ચંપક વરજી, લુટી લ્યો મનહર સારે પ્રિ૦
રૂકમાં-વેલી તું પ્રેમની ખિલી તું ચંપેલી, લચી પચી રહી વેલ
મોહિની-મદન સમાગમથી બનું ઘેલી.
રૂકમાં.................. મોગરો કરશે કેલ. પ્રિ૦

अंक २ जो पूर्ण.



અંક ૩ જો.

ધર્માંગદ ભજન મંડળી ૩૩

પ્રીતે પ્રીતે સ્મરવા ધનશ્યાંમ ધનશ્યાંમરે
મોઘી વેળાના મોઘા માવજીરે હો. ટેક
પ્રીતી વિનાનું મારૂં મંદિર સૂનું રે; પ્રીતી વિનાના ખોટાં કાંમ (૩) મોઘી.
પ્રીતીમાં વ્હાલો રાજી, ખાધી ખીચડીને ભાજી અક્ષય આપ્યું છે તમે ધામ
(૩) મોઘી
પ્રીતી થકી જે તારૂં નામ રટે છે પ્યારૂં પામે ભવજલમાં વિરાંમ (૩) મોઘી

મોહીની ૩૪

ચંપેલી ખિલી રંગીલા બ્હારમાં ન્યારી ન્યારી ન્યારી ન્યારી
ન્યારીરે ખિલી
ફુલી ગઇ છે અલી કળી સુકોમલ, ઉડતો ભમરો પ્યારો પ્યારો
મ્હારોરે, ચુસે સુગંધી પ્યારમાં ચંપેલી
ચુસી રસીલી કળી ઢળી પડી ગઇ. પડતાં પ્રીતમે ઝીલી ઝીલી
ઝીલીરે પ્રીતે ચંપેલી બ્હારમાં ખિલી.

મોહીની ૩૫

પ્રેમ થકી વશ કરી લીધી છે છટામાં
રૂકમાં છુપી ચંદ્રમાં ગયો છે ઘટામાં
પ્રેમની પ્યાસા પુરણ થઇ નિશા.
મોહી પ્રેમીને મોહી રહી સુરતના સંગમાં.
નવરસી રસકસ મદનને છે ખમાં.

રૂકમાં મધુરી તું રીપુ નથી તું અધુરી,
મોહી પ્યારા મારાને હું આજે રંગ મહી હું રિઝાવું. વશ

સર્વ ૩૬

પતિવ્રત જગ મંહિ શુભ છે.
સતિપદ અતિ સુખકર દુઃખ હરણજ
કૃતિ મતિ અતિ ગતિ સતિ થકી છે.
પાવન વ્રતછે એ ત્રૈલોકે શ્રી હરિહર વિધિ માન્ય કરે.
દિનપતિ ઉદયજ સતિતણા સતે પતિ.

મોહીની ૩૭

રસિલા બનેલાને હું નયને લલચાવું છું.
યુવાની ફુટેલી વાડી પ્રેમે હું લુટાવું છું. રસિ.
આ તન કયારી રસની ભરેલી છે. છલબલ કલથી હું
પિયુને નવરાવું છું. રસિ
સુંદર ગોરીહું પ્રેમની દોરી છું. તન મન ધનથીં હું
બાંધી બંધાવું છું. રસિ.

મોહીની ૩૮

તારૂં આવરદા આવિ રહ્યું. જો તારૂં
તું વદે આ શું પ્રેમનો માળી થઇ. આખર સતની વેલીને
ખંજર મારીને પાડી દુર ણુધ પાણી જોયું. તારૂં
તું બોલે છે જે સ્વાધિનહું તારોછું જી આખર જીવતર
માન માન હું તારૂં સત્વ લઇ જાઉંછું સત્ય તારૂં.

શ્રી નારદ ૩૯

મધુરી શી મુરલી શ્યાંમ સુંદરની નેત્ર મહીં રમતિ. મ.
મનથી ઠરવી પ્રેમ સમાધી ધ્યાંન મહીં સમતિ.
શુદ્ધ સ્મરણ વૃત્તી હરિહરમાં પ્રેમ પણે ભમતિ. મ.

સત્યવ્રતા ૪૦

સુખી થઇ આ કાયા જો. વછુટી પડી માયા. સુખી.
માયા મહીં ઘણા મુની ગુંચવાણા, તજી તપથી તે પ્રિતે
ધાયા જો સુખી.
માયા તજી કરે તીરથ વ્રત સહુ, તે જન પ્રભૂમો સમાયજો
સુખી.

શ્રી લક્ષ્મી ૪૧

થાયછે અનંત પ્રીતી પ્રેમથી પતી તણી
પાલ જે તે પ્રેમ સ્મરે. શુધ્ધજે સતી ઘણી. થાય
ચંદ્રનો પ્રકાશ થાય. રાત્રીએ દિપે મણી.
ચમકે છે ચાંદરણી સોભતી હીરાકણી. થાય.

શ્રી લક્ષ્મી નારાયણ ૪૨

નરવર ભકતરાજની લાજ આજે પ્રેમથી સંભાળો નિજજન
પા.........ળો.
મનથી સ્મરે તનથી ઠરે વળિ સકલ ભય સંહારો.
પ્રીતે તારો હિતે ધારો. ભકત.
શ્રી પ્રીતમ પ્રીતી પ્રીય છે. તમને ભારી.
માયા મોહિની અધનૃપને દમતિ આશા સાગરથી સુખ ખલવન પામે
જેને જે પ્યાસા તેને તે આશા ભકત.

મોહીની ૪૩

ત્રોડયુ માન ત્રોડયુ માન એ બેભાન છે.
રે હેવાન તુને જ્ઞાન
રુક્માંગદ—માતુ માન માતુ માન આમ કરશોના હાણ.
મોહી—અંગે તપાવ્યું લોહી તેં નાદાન

ધર્મા—રાખો માતુશ્રી જ્ઞાન.
મોહી—હાય બોલે શું વાણુ તેં કરી મારી હાણુ ત્રોહ્યુ
ધર્માંગદ ૪૪
પિતુ આફત વેળાએ ધારો ધીરજ ધરવા માંહિ જય વારો. પિતુ.
છે માયા મય આ સંસારજ એ વિકટ પ્રસંગનો કાંઈ નવ પારજ
દુઃખદ માયા નથી નથી સુખકર—આફત.
આવી આફત વાદળી તારાને દિનરાત
દુઃખ વેઠ્યું છે કાશિમાં હરિશ્ચંદ્રની સાથ
શ્રીયાળને સતિ ચાંગુણા સત્ય તણા એ કોટ
ભિક્ષા માંગી શંકરે પુત્ર માંસની ચોટ
શીર આપીને સુખીયાં થાશો શ્રીહરિ ગુણ ગાનને નીત
ગાશો—પિતુ.

રૂકમાંગદ ૪૫
વ્હારે ધા તું હે દયાળુ
અપરાધી હું તારો છું.
કરૂણા મુજપર ધારો ધારો વ્હારે.

સર્વ પાત્રો ૪૬
જય જય શ્રીકર ધરતું મ્હારો હરતું નટવર ભવનો આરો.
છે દુઃખકર જગનો આભારો તેમાંથી મુકત કરી તારો. જય
છે આ માયા સાગર ખારો શરમાયો હું બહુ અણધાર્યો.
ભકતીનો એક સુધા કયારો નિરખ્યો મેં એ સહુથી ન્યારો.
એકાદશી માતથી જય વારો થાશે જીવના જય જય કારો.
શુભં ભવતુ. જય.

समाप्ती.

સૂચના.

નિચેની ચોપડીઓ હમારી મંડળીનો જ્યાં મુકામ હશે. ત્યાંથી રોકડી કીંમતે અથવા વી. પી. થી મંગાવી લેશો. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિં.

શ્રી રૂકમાંગદ એકાદશી નાટકના ગાયનો			...	૦-૬-[illegible]
કુંદકળા	...	...	...	૦-૬-૦
શ્રી સુદામદેવ	...	...	...	૦-૨-૦

પુરાણિક દેવકૃષ્ણ શર્મા.

શ્રી ભ. વિ. ના. માલીક.